# ચોથા વાર્ષિક દિનની ઉજવણી

બાગાયત કોલેજ, આ.કૃ.યુ., આણંદ ધ્વારા તા. ૧૭/૦૫/૨૦૧૯ ના રોજ ચોથા વાર્ષિક દિન "પેટલ્સ – ૨૦૧૯" ની ઉજવણી કરવામાં આવેલી હતી. આ કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહમાં અધ્યક્ષ તરીકે ડાં. એન. સી. પટેલ, માનનીય કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલા હતા તેમજ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ ધ્વારા અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લઈ અને વિજેતા થયેલને અભિનંદન પાઠવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડાં. કે. પી. પટેલ હાજર રહી અને વિદ્યાર્થીઓને એગ્રીકલ્ચર તથા બાગાયતના શિક્ષણ વિશે ભવિષ્યની ઉજળી તકો માટેનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડેલ છે. આ કાર્યક્રમના અતિથિ વિશેષ ડાં. કે. બી. કથીરીયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, આ.કૃ.યુ., આણંદએ વિદ્યાર્થીઓને બાગાયતી પાકોમાં સંશોધન અંગેનું માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ તેમની વિવિધ ઈતર પ્રવૃતિઓમાં ભાગ લેવાની પ્રવૃતિને બિરદાવેલ. ડાં. એમ. એમ. ત્રિવેદી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ આ પ્રસંગે હાજર રહી અભ્યાસની સાથે અન્ય પ્રવૃતિનું મહત્વ સમજાવી સર્વાંગી વિકાસ કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કરેલ.

ઉદ્દઘાટન સમારંભમાં શાબ્દીક સ્વાગત ડાં. એચ. સી. પટેલ, આચાર્ય, બાગાયત કોલેજે કરી સર્વ મહેમાનોને આવકારેલા હતા. કોલેજના જનરલ સેક્રેટરીશ્રી, કુ. શ્રેયા પટેલે ૨૦૧૮–૧૯ ના વર્ષમાં બાગાયત કોલેજમાં વિદ્યાર્થીઓ ધ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રવૃતિનો વિસ્તારપૂર્વક અહેવાલ રજુ કરેલ.

આ કાર્યક્રમમાં અત્રેની બાગાયત કોલેજના વિદ્યાર્થીઓ જેઓ રાષ્ટ્રીય સ્તરે, રાજય સ્તરે પસંદગી પામેલા હતા તેઓને પ્રમાણપત્રો તથા ટ્રોફી આપવામાં આવેલ હતા તથા આંતર કોલેજ સ્તરે ભાગ લીધેલા વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો તથા ટ્રોફી આપવામાં આવેલા હતા. વધુમાં બાગાયતી ક્ષેત્રે ઉમદા કાર્ય કરનાર સાત પ્રગતિશીલ ખેડૂતો આ કાર્યક્રમમાં હાજર રહેલા હતા તેઓને પણ શાલ ઓઢાડી, બહુમાન કરી અને સ્મૃતિ ભેટ આપી પ્રોત્સાહિત કરેલા હતા. આ કાર્યક્રમમાં વિવિધ કોલેજના આચાર્યશ્રીઓ, એસ.આર.સી. ચેરમેનશ્રીઓ, વિવિધ વિભાગના વડાશ્રીઓ, બાગાયત વિભાગ તથા બાગાયત કોલેજના કર્મચારીગણ પણ હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

કાર્યક્રમના અંતમાં ડાં. એ. એચ. બારડ, ચેરમેન, વિદ્યાર્થી સંઘે, મહેમાનો તથા અધિકારીગણનો આભાર માની ઉદ્દઘાટન કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ હતો.

ચોથા વાર્ષિક દિન ઉજવણી નિમીતે તા. ૧૭/૦૫/૨૦૧૯ ના રોજ સાંજના ૭.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ, ભોજન અને ગરબાનું આયોજન કરવામાં આવેલુ હતુ. જેમાં બાગાયત કોલેજના વિદ્યાર્થીઓ ધ્વારા ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવેલો હતો.

ચોથા વાર્ષિક દિન નિમીતે એક મીનીટ, ફાઈન આર્ટસ, વકૃત્વ સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ, જેવી રમતોનું આયોજન કરવામાં આવેલુ હતુ જેમાં બહોળી સંખ્યામાં બાગાયત કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. આ ચોથા વાર્ષિક દિન નિમીતે,ભાઈઓની ક્રિકેટ મેચ તથા ભાઈઓ અને બહેનોની અલગ અલગ

વોલીબોલની રમતોનું પણ આયોજન કરવામાં આવેલુ હતુ. જેમાં પણ બાગાયત કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો હતો.


અગાઉ આયોજિત કરેલ વિવિધ રમતોનું પરિણામ તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ તા. ૧૮/૦૫/૨૦૧૯ ના રોજ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ડૉ. એમ. એમ. ત્રિવેદી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ, આ.કૃ.યુ., ભૂતપૂર્વ નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ, ડૉ. એસ. એચ. અકબરી અને ડૉ. એચ. સી. પટેલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, બાગાયત કોલેજ તથા બાગાયત કોલેજના કર્મચારીગણ હાજર રહી ઈનામ વિતરણ કરવામાં આવેલ. અંતમાં ડૉ. એ. એચ. બારડ, ચેરમેન, વિદ્યાર્થી સંઘ બાગાયત કોલેજે સૌનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.





**ઉદ્ઘાટન સમારોહ – પેટલ્સ ૨૦૧૯**





**સાંસ્કૃતિક કાર્યક્રમ – પેટલ્સ ૨૦૧૯**











પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ – પેટલ્સ ૨૦૧૯

















રંગોળી – પેટલ્સ ૨૦૧૯







ખેડૂતોનું સન્માન – પેટલ્સ ૨૦૧૯





ફલોરીકલ્ચર મોડલનું પ્રદર્શન





એક મિનિટ સ્પર્ધા




**વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા**




**વક્તૃત્વ સ્પર્ધા**






**ઈનામ વિતરણ સ્પોર્ટસ વીક – ૨૦૧૯**